અકોટાની શ્રી અજીત સોસાયટીમાં 'અશાંત ધારા'ના ઉલ્લંઘનનો આરોપ

વિધર્મી સાથે લગ્નની વિગતો છુપાવી મિલકત ખરીદ્યાનો રહીશોનો હંગામો

કરોડોના ફંડિંગ દ્વારા વિધર્મીઓના 'પગપેસારા'ના આક્ષેપથી ખળભળાટ, રહીશોનો પલાયન થવાનો આક્રોશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.13 વડોદરામાં ફરી એકવાર 'અશાંત ધારા' ના અમલીકરણ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. અકોટા વિસ્તારમાં આવેલી શ્રી અજીત કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં હિન્દુ રહીશોએ એક થઈને વહીવટી તંત્ર અને મિલકત ખરીદનાર વિરુદ્ધ મોરચો માંડ્યો છે. આક્ષેપ છે કે, કાયદાની છટકબારીઓ શોધીને, ખોટા સોગંદનામા કરી અને વિદેશી ફંડિંગના જોરે હિન્દુ વિસ્તારની ડેમોગ્રાફી બદલવાનું સુનિયોજિત

આંગળી ચીંધી છે. પ્લોટ નં. 36 ખરીદવા માટે તારીખ 20-01-2024 ના રોજ અરજી કરવામાં આવે છે અને કોઈ પણ ઊંડી તપાસ વગર માત્ર 3 જ દિવસમાં (તારીખ 23-01-2024) પરવાનગી આપી દેવામાં આવે છે. આટલી ઝડપી મંજૂરી પાછળ કોઈ મોટા ગજાના આશીર્વાદ કે વહીવટ હોવાની શંકા રહીશો સેવી રહ્યા છે. આવેદન પત્રમાં રજૂ કરાયેલી વિગતો મુજબ, ખરીદનાર અંકિતાબેન પ્રવિણસિંહ ગોહિલના લગ્ન 9 વર્ષ પહેલા તાંદલજાના જુનેદ શેખ સાથે થઈ ચૂક્યા છે અને તેમને 'અયાન' નામનો પુત્ર પણ છે. અંકિતાબેને પોતે મુસ્લિમ યુવકની પત્ની હોવાની હકીકત છુપાવી, પિતાના નામ પર ઓળખપત્રો રજૂ કરી તંત્રને ગેરમાર્ગે દોર્યું હોવાનો આક્ષેપ છે. લગ્ન બાદ ધર્મ કે સામાજિક સ્થિતિ બદલાઈ હોવા છતાં 'અપરિણીત' તરીકે સોગંદનામું રજૂ કરવું એ ફોજદારી ગુનો બને છે. રહીશોનો દાવો છે કે આ ખરીદી માત્ર મિલકત પૂરતી મર્યાદિત નથી, પરંતુ હિન્દુ વિસ્તારમાં વિધર્મી વારસદારોને કાયદેસર રીતે ઘુસાડવાનું એક સુવ્યવસ્થિત કાવતરું છે. સૌથી ચોંકાવનારી બાબત મિલકતની કિંમત અને તેની ચૂકવણીની છે. વર્ષોથી સામાન્ય ઘરકામ કરતા આનંદબેન ગોહિલના ખાતામાં રૂ. 1,61,00,000/- (એક કરોડ એકસઠ લાખ) જેવી જંગી રકમ ક્યાંથી આવી ? રહીશોનો સીધો આક્ષેપ છે કે વિદેશમાં રહેતા જુનેદ શેખ અને તેના મળતિયાઓએ હિન્દુ વિસ્તારમાં મિલકતો પચાવી પાડવા માટે આ 'ફંડિંગ' પૂરું પાડ્યું છે. આ મામલે મની લોન્ડરિંગના એન્ગલથી તપાસ કરવાની પણ ઉગ્ર માંગ ઉઠી છે. સોસાયટીના સેક્રેટરી અને રહીશોએ આવેદન પત્રમાં સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આ દસ્તાવેજ રદ કરવામાં નહીં આવે, તો હિન્દુ પરિવારોએ આ વિસ્તારમાંથી પલાયન કરવાની નોબત આવશે.

ડાન્સ કરનાર વિદ્યાર્થિનીએ વીડિયો મેસેજ જારી કરી NSUI પર પ્રહાર કર્યા

ગીતનું સિલેક્શન ખોટું કર્યું તે સિવાય બીજું કશું ખોટું કર્યું નથી

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વિવાદનો પર્યાય બનેલી એમ.એસ. યુનિવર્સીટીમાં એબીવીપી દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થિનીના ડાન્સ મુદ્દે નવો વળાંક સામે આવ્યો છે. ડાન્સ કરનાર વિદ્યાર્થિનીએ અશ્રુઓ વહાવતા એક વીડિયો સંદેશ જારી કરી એનએસયુઆઈએ પોતાના રાજકીય લાભ માટે ઉપયોગ કર્યો હોવાના આક્ષેપ લગાવી તેણીએ ગીતનું સિલેક્શન ખોટું કર્યું તે સિવાય બીજું કશું ખોટું કર્યું નથી તેવી સ્પષ્ટતા કરી હતી. વિશ્વ વિખ્યાત વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમા યોજાયેલા સંસ્કાર સંગમ સાંસ્કૃતિક કાર્યક્રમમાં એક વિદ્યાર્થિનીના ડાન્સે ભારે વિવાદ સર્જાયો છે. આ મામલે સોમવારે ડાન્સ કરનાર વિદ્યાર્થિનીએ સોશિયલ મીડિયાના એક પ્લેટફોર્મ પર વીડિયો મારફતે સ્પષ્ટતા કરી હતી. વિદ્યાર્થિનીએ વિડીયોમાં જણાવ્યું હતું કે, જયશ્રીરામ આ વીડિયો એટલા માટે બનાવી રહી છું કે, એમએસયુ કલ્ચરલ ફેસ્ટમાં જે ડાન્સ કર્યો, જે ખુબજ વાયરલ થયો હતો. જેના કારણે ઘણા લોકો કહી રહ્યા છે કે, મેં સંસ્કારી નગરીમાં ખબર નહિ શું કરી નાખ્યું, અશ્લીલતા ફેલાવી દીધી, જોકે મેં નોર્મલ સાડી પહેરી હતી.

હા એ બાબત છે કે, મારું સોંગનું સિલેક્શન ખોટું હતું. જેની માટે હું માફી માગું છું, પણ એટલી મોટી પણ બાબત નથી કે, જેના કારણે લોકોએ ઉહાપોહ મચાવી દીધો કે જાણે મેં કોઈ દેશદ્રોહ કરી નાખ્યો હોય, મેં એબીબીપી કે એનએસયુઆઈને ઓળખતી નથી. પણ મને ન હતી ખબર કે હું એક કલ્ચર ફેસ્ટમાં બોલીવુડ સોંગ ઉપર ડાન્સ કરીશ તો તેનો આવો હલ્લો મચશે. જો મને ખબર હોત તો હું આવું ના કરતી અને જે આ એનએસયુઆઈવાળા ઓએ આટલું બધું ફેલાવી દીધું કે એમણે મારી મેન્ટલ હેલ્થ માટે પણ વિચાર્યું નહીં કે મારી પર શું વીતશે.

અત્યારે મારી પર શું વીતી રહી છે એ હું જ જાણું છું. બસ મારે એ જ કહેવું છે કે, જો આપ આ વિડીયો વાયરલ કરો છો તો પહેલા વિચારો મેં કોઈ અશ્લીલ કપડાં પહેર્યા નથી, મેં માત્ર એક સિમ્પલ સાડી પહેરી હતી, મારી આર્ટને માત્ર સ્ટેજ ઉપર રજૂ કરી છે. હું એક સામાન્ય વિદ્યાર્થીની છું. આની પહેલા પણ મેં ડાન્સ કર્યો હતો પણ ખબર ન હતી કે, એક બોલીવુડ સોંગ પર ડાન્સ કરીશ તો એ બાબત ખૂબ જ મોટી બની જશે કે મેં સંસ્કારનો ભંગ કરી દીધો.

સોસાયટીમાં રમતા બાળકોના સ્ટમ્પ પડી જતા બબાલ

જવાહરબાગ સોસાયટીમાં બે મહિલા સહિત છ જણા વચ્ચે મારામારી

(પ્રતિનિધિ), વડોદરા. તા.13 ક્રિકેટ રમતા નાના બાળકોના સ્ટમ્પ પડી જવા અંગે મહિલાએ ઠપકો આપતા ઉશ્કેરાયેલી એકટીવા ચાલક મહિલા સહિત તેના સસરા અને પતિએ ગાળાગાળી કરી હતી. ઝપાઝપી દરમિયાન ઠપકો આપનાર મહિલાના કપડા ફાટી ગયા હતા. ઉપરાણું લઈને ઈજાગ્રસ્ત મહિલાના સસરા અને પતિએ પણ ઝપાઝપી શરૂ કરતાં સ્થાનિક લોકોએ વચ્ચે પડીને તમામને છોડાવ્યા હતા. બનાવવા અંગે ઉપરાંત લેનાર મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બનાવની વિગત એવી છે કે, જવાહર સોસાયટી, અભિલાષા ચાર રસ્તાની બાજુમાં, સમા ખાતે રહેતા એમ લતાબેન ભાવેશભાઈ પ્રજાપતિ (ઉં. ૪૩)એ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે સવારે પુત્ર હેત (ઉં. ૧૧) અન્ય બાળકો સાથે ઘર નજીક સોસાયટીની ગલીમાં ક્રિકેટ રમતા હતા. ક્યારે આ મહિલા ત્યાં ઉભી હતી. સોસાયટીમાં રહેતા દીપિકાબેન એકટીવા મોપેડ પર નીકળ્યા હતા. જેથી બાળકોના સ્ટેમ્પ પડી ગયા હતા. હેમલતાબેને જણા જણાવતા એકટીવા ચાલક મહિલાએ જાણી જોઈને સ્ટમ્પ નહીં પાડ્યાનું જણાવતા બંને મહિલાઓ વચ્ચે બોલાચાલી તકરાર શરૂ થઈ હતી. ત્યારે તેના સસરા જયરામભાઈ અને તેનો પતિ દેવેન્દ્ર ઘરમાંથી દોડી આવ્યા હતા. ત્રણે જણાએ મળીને મને, મારા સસરા સાથે ઝપાઝપી કરતા મહિલાનો ડ્રેસ ફાટી ગયો હતો ત્યારે બાજુમાં ઉભેલા મારા પતિ ભાવેશ સાથે દેવેન્દ્ર મોજીદરા અને જયરામભાઈએ મારામારી શરૂ કરી હતી. દરમિયાન એકત્ર થયેલા સ્થાનિક રહીશોએ વચ્ચે પડીને તમામને છૂટા પાડ્યા હોવાનું ફરિયાદમાં હેમલતાબેને જણાવ્યું હતું. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી.

વેજલપુરની વિવેકાનંદ સોસાયટીમાં 'ચૂંટણી બહિષ્કાર'ના બેનર લાગ્યા

કાલોલ: વિકાસની મોટી મોટી વાતો વચ્ચે કાલોલ તાલુકાના વેજલપુર ગામની એક સોસાયટીના રહીશો પાયાની સુવિધા માટે વલખાં મારી રહ્યા છે. વેજલપુરની વિવેકાનંદ સોસાયટીમાં છેલ્લા ૧૨ વર્ષથી નવો રોડ બનાવવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્રની ઉદાસીનતા સામે વિરોધ નોંધાવવા રહીશોએ આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાના બેનર લગાવી દીધા છે. સોસાયટીના રહીશોના જણાવ્યા અનુસાર, લાંબા સમયથી રોડ ન બનવાને કારણે હાલમાં સમગ્ર વિસ્તારમાં કાદવ-કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. સોસાયટીની આ દુર્દશાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

હત્યા જેવા ગંભીર ગુના ને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેટ દ્વારા તેની અરજી રદ કરી દેવાઈ

દંતેશ્વર વિસ્તારમાં હત્યા કરનાર આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.13 વડોદરા શહેરના પ્રતાપનગર-દંતેશ્વર વિસ્તારમાં બનેલા હત્યા કેસમાં આરોપી દ્વારા જામીન મુક્ત થવા કરાયેલી રેગ્યુલર જામીન અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરી દેવામાં આવી છે.

વડોદરાના પ્રતાપનગર દંતેશ્વર વિસ્તારમાં આવેલી વિજય વાડીમાં રહેતા રવિન્દ્રકુમાર ઉર્ફે નનુએ પોતાના સાથીઓ મહેશ વસાવા, સાગર રાઠવા તથા અન્ય બે કિશોર સાથે મળી પ્રકાશભાઈ નારાયણભાઈ શિરખે સાથે જૂના વિવાદને લઈ ઝઘડો કર્યો હતો. ગત 10 ફેબ્રુઆરી 2024ના રોજ રાત્રિના સમયે બનેલી આ ઘટનામાં "તું મારી સામે કેમ જોવે છે" જેવા કારણસર ઉગ્ર બોલાચાલી બાદ મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. આરોપીઓએ મળીને પ્રકાશભાઈને પકડી રાખ્યા હતા, ત્યારબાદ રવિન્દ્રકુમારે ધારદાર હથિયાર વડે હુમલો કરીને તેમને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. ઘટના બાદ પોલીસે ઝડપી કાર્યવાહી કરીને મુખ્ય આરોપી સહિત તમામ સંડોવાયેલા આરોપીઓને ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યા હતા. જામીન અરજી પર કોર્ટનો નિર્ણય: હાલમાં આરોપી રવિન્દ્રકુમારે પોતાના વકીલ મારફતે કોર્ટમાં અરજી કરી હતી કે તેના પરિવારની સંભાળ રાખવા માટે કોઈ નથી.

તેથી તેને 30 દિવસના ટેમ્પરરી તથા નિયમિત જામીન પર મુક્ત કરવામાં આવે. આ કેસ ચોથા એડિશનલ સેશન્સ જજ મોબીન અબ્દુલ રસીદ ટેલરની કોર્ટમાં ચાલી રહ્યો છે, જ્યાં આરોપી અને સરકારી વકીલ વચ્ચે તીવ્ર દલીલો થઈ હતી. સરકારી વકીલે દલીલ કરી હતી કે આરોપીએ ગંભીર પ્રકારનો હત્યાનો ગુનો કર્યો છે અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આવી પરિસ્થિતિમાં જો આરોપીને જામીન આપવામાં આવે તો ફરિયાદી પક્ષ નજીક રહેતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની શક્યતા રહેલી છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની અરજી પર વિચારણા કરી અને અંતે ગંભીરતા ધ્યાનમાં રાખીને તેને નિયમિત જામીન પર મુક્ત કરવાની અરજી નામંજૂર કરી દીધી છે.

ગ્રાહકો સાથે પનીરના નામે 'ખેલ' ખતમ

હવે હોટેલના મેનુમાં 'અસલી' કે 'નકલી' (એનાલોગ) લખવું પડશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.13 શું તમે પનીર ટીક્કા કે પનીર બટર મસાલાના શોખીન છો ? જો હા, તો સાવધાન થઈ જજો ! તમે જે મોંઘા ભાવે પનીરની વાનગી ખાઓ છો, તે કદાચ શુદ્ધ દૂધમાંથી બનેલું પનીર નહીં પણ વનસ્પતિ તેલ અને પાવડરમાંથી બનેલું 'એનાલોગ પનીર' હોઈ શકે છે. ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે થતી આ છેતરપિંડી રોકવા માટે તંત્રએ ઐતિહાસિક નિર્ણય લીધો છે. હવેથી શહેરની દરેક હોટેલ અને રેસ્ટોરન્ટે પોતાના મેનુ કાર્ડમાં સ્પષ્ટપણે જાહેર કરવું પડશે કે તેઓ કયું પનીર પીરસે છે. લાંબા સમયથી એવી ફરિયાદો ઉઠી રહી હતી કે હોટેલ ઉદ્યોગમાં ખર્ચ ઘટાડવા માટે અસલી પનીરના સ્થાને 'એનાલોગ પનીર' (વેજીટેબલ ફેટ યુક્ત પનીર) નો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. ગ્રાહકો પનીર સમજીને જે આરોગે છે તે હકીકતમાં દૂધના પ્રોટીન વગરનું હોય છે. આ બાબતે ખાદ્ય સુરક્ષા અંગે વધુ પારદર્શિતા લાવવા રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં એક ખાસ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. પાલિકા કમિશનર અરુણ મહેશ બાબુની કડક સૂચના બાદ, અધિક આરોગ્ય અમલદાર મુકેશ વૈદ્યના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમોએ મેદાનમાં ઉતરી છે. છેલ્લા એક અઠવાડિયામાં શહેરના વિવિધ ઝોનમાં ફૂડ ઈન્સ્પેક્ટરોએ વાવાઝોડાની ગતિએ તપાસ શરૂ કરી છે. જેમાં 150 થી વધુ હોટેલોના મેનુ કાર્ડમાં સુધારા કરવા અને ગ્રાહકોને અંધારામાં ન રાખવા કડક તાકીદ કરવામાં આવી છે. પનીર બનાવતા મોટા યુનિટોમાં કાચા માલની ગુણવત્તા અને તેમાં થતી મિલાવટની તપાસ કરવામાં આવી હતી. સરકારી પરિપત્ર મુજબ હવે માત્ર 'પનીર' શબ્દ વાપરવો ગુનો બની શકે છે જો તે એનાલોગ હોય. રેસ્ટોરન્ટના મેનુમાં વાનગીના નામની નીચે અથવા બાજુમાં એનાલોગ પનીર વપરાયેલ છે તેવું લખાણ ફરજિયાત છે. પનીર વેચનારાઓએ પેકિંગ પર તે 'મીડિયમ ફેટ' છે કે 'લો ફેટ' છે તેની વિગતો છાપવી પડશે.

વડોદરાને હરિયાળું અને સ્વચ્છ બનાવવા પાલિકાનો સપાટો

One Day One Road અભિયાન હેઠળ અનેક વિસ્તારોમાં સફાઈ અને ટ્રીમિંગ કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.13 વડોદરા શહેરને વધુ સ્વચ્છ, સુવ્યવસ્થિત અને હરિયાળું બનાવવાના ઉમદા હેતુ સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા "One Day One Road" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તાજેતરમાં આ અભિયાન અંતર્ગત શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા દ્વારા રોડની બંને બાજુ અને ડિવાઈડરની સફાઈ તેમજ જાળવણીની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન હેઠળ પાલિકાની પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રસ્તાની બંને બાજુએ આવેલા ડિવાઇડર્સની સફાઈ અને જાળવણી પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. આ કામગીરીમાં શાખાના ઉચ્ચ અધિકારીઓથી લઈને તમામ કર્મચારીઓએ સક્રિય

રીતે જોડાઈને શ્રમદાન કર્યું હતું. આ અભિયાનના ભાગરૂપે શહેરના ખોડીયારનગર ચાર રસ્તા થી પાંજરાપોળ સુધીનો માર્ગ, પૃથ્વીરાજ સર્કલ થી દશામાં મંદિર (છાણી) સુધીનો વિસ્તાર અને છાણી જકાતનાકા સર્કલ થી છાણી ગામ સુધીનો મુખ્ય રોડ ને આવરી લેવાયો હતો. ચોમાસા પહેલા અને નિયમિત જાળવણીના ભાગરૂપે, રસ્તાની આસપાસ ઉગેલા બિનજરૂરી ઝાડી-ઝાંખર અને વધારાની ડાળીઓનું ટ્રીમિંગ કરવામાં આવ્યું હતું. માર્ગો પર વાહનચાલકોને અવરોધરૂપ બનતી અનિયંત્રિત વનસ્પતિનું કટીંગ કરીને રસ્તાઓને ખુલ્લા અને સુરક્ષિત કરવામાં આવ્યા છે. આ સાથે જ રસ્તા પર જમા થયેલ કચરો અને ધૂળ દૂર કરવા માટે વિશેષ સફાઈ અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું. પાલિકા દ્વારા આ કામગીરી માત્ર એક દિવસ પૂરતી સીમિત ન રહેતા, આવનારા દિવસોમાં પણ નિયમિત રીતે ચાલુ રાખવામાં આવશે. જેથી વડોદરાના નાગરિકોને શુદ્ધ અને સ્વચ્છ પર્યાવરણ મળી રહે અને શહેરમાં હરિયાળો માહોલ સતત જળવાઈ રહે.

ઈએમઈ સ્કૂલ કેસમાં રૂ.5 લાખ વળતરનો મહત્વપૂર્ણ હુકમ :

ગેરરીતિને કારણે કર્મચારીને નોકરીમાંથી દૂર કરવાની પ્રક્રિયા અયોગ્ય જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.13 વડોદરાની પ્રખ્યાત ઈએમઈ સ્કૂલના કેન્ટીન કર્મચારી આરતીબહેન પારલીકરને ગેરરીતિથી નોકરીમાંથી દૂર કરવાના 12 વર્ષ જૂના કેસમાં ઔદ્યોગિક ન્યાયપંચે મહત્વનો નિર્ણય આપ્યો છે. શ્રમ મંત્રાલય મારફતે દાખલ કેસમાં કોર્ટે સંસ્થાને આરતીબહેનના વારસદારોને 5 લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય કર્મચારીઓના અધિકારો અને નોકરીઓમાંથી અણધારી દૂર કરવાની પ્રક્રિયાઓને મજબૂત માહિતી આપે છે. આરતીબહેન પારલીકર ઈએમઈ સ્કૂલની કેન્ટીનમાં કામ કરતી હતી. વર્ષ 2014માં તેમને કોઈ ચાર્જશીટ આપ્યા વિના કે તપાસની કોઈ પ્રક્રિયા અનુસર્યા વિના નોકરીમાંથી દૂર કરી દેવામાં આવ્યા હતા. સંસ્થાના જવાબમાં ગેરહાજરી અને અનુચિત વર્તનના આરોપો લગાવવામાં આવ્યા હતા, પરંતુ કોઈ ઔપચારિક તપાસ કે સુનાવણીની તક આપવામાં આવી નહોતી. આરતીબહેનના પરિવારજનો અનુસાર આ ઘટના પછી તેમનું જીવન મુશ્કેલ બન્યું હતું. તેઓ ગુજરાતના શ્રમ મંત્રાલય મારફતે ઔદ્યોગિક ન્યાયપંચમાં કેસ દાખલ કરી ન્યાય માંગ્યો હતો. કેસમાં તર્ક કરવામાં આવ્યો કે નોકરીમાંથી દૂર કરવાની પ્રક્રિયા ઔદ્યોગિક વિવાદ નિર્ણય કાયદા અને શ્રમ નિયમોનું ઉલ્લંઘન કરતી હતી. ઔદ્યોગિક ન્યાયપંચના ન્યાયાધીશે સંસ્થાના દલીલોને નકારી કાઢ્યા. કોર્ટે નોંધ્યું કે સંસ્થાએ ગેરહાજરી અને વર્તનના આરોપો કર્યા હોવા છતાં, કોઈ ચાર્જશીટ જારી કરી નહોતી, કોઈ તપાસ કરી નહોતી અને કર્મચારીને પોતાનો બચાવ કરવાની તક પણ આપી નહોતી. આ પ્રક્રિયાગત ખામીઓને ગંભીર અનિયમિતતા ગણાવીને કોર્ટે વારસદારોને 5 લાખનું વળતર આપવાનો હુકમ કર્યો હતો.

વિચારધારાની લડાઈ હવે સોસાયટીના ઝાંપે બેન લાગ્યા

રામ ભક્ત સોસાયટીના રહીશોનો અનોખો વિરોધ : કોંગ્રેસના કાર્યકરો માટે 'નો એન્ટ્રી'

વડોદરાઃ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર-15ની રામ ભક્ત સોસાયટી હાલમાં સમગ્ર શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. આગામી સમયમાં આવી રહેલી ચૂંટણીઓ પૂર્વે જ સોસાયટીના રહીશોએ એક્સૂરે રાજકીય વિરોધ નોંધાવતા સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વાર અને અન્ય વિસ્તારોમાં "કોંગ્રેસે પ્રવેશવું નહીં" તેવા લખાણ સાથેના બેનરો લગાવી દીધા છે. આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સોસાયટીના રહીશો દ્વારા લેવામાં આવેલા આ આક્રમક નિર્ણય પાછળ કોઈ વ્યક્તિગત વિખવાદ નહીં, પરંતુ વૈચારિક વિરોધ હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે આ વિરોધ કોઈ ચોક્કસ વ્યક્તિ કે ઉમેદવાર સામે નથી, પરંતુ કોંગ્રેસ પક્ષની કાર્યપદ્ધતિ અને તેમની વિચારધારા સામે છે. બેનરોમાં

સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કોંગ્રેસના કાર્યકરો કે નેતાઓએ પ્રચાર માટે સોસાયટીમાં આવવું નહીં. આ મામલે સોસાયટીના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, "અમે લાંબા સમયથી ચોક્કસ મુદ્દાઓ અને રાષ્ટ્રીય હિતની વિચારધારાઓ સાથે જોડાયેલા છીએ. અમને લાગે છે કે કોંગ્રેસની વર્તમાન વિચારધારા અમારા મંતવ્યો સાથે સુસંગત નથી. આ અમારો લોકશાહી ઢબે વિરોધ પ્રદર્શિત કરવાનો માર્ગ છે. અમે ઈચ્છીએ છીએ કે જે પક્ષ અમારી લાગણીઓને નથી સમજી શકતો, તેમને અહીં પ્રચાર કરવાની જરૂર નથી." વોર્ડ નંબર-15માં બનેલી આ ઘટના બાદ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે મતદારો હવે પક્ષની વિચારધારા પ્રત્યે વધુ સજાગ બન્યા છે. સોસાયટીમાં લાગેલા આ બેનરો સોશિયલ મીડિયા પર પણ ભારે વાયરલ થઈ રહ્યા છે. એક તરફ ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં આ પ્રકારનો ટેકો જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ આ બાબતે હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. ચૂંટણી પહેલા જ જનતાનો આ પ્રકારનો મિજાજ આગામી દિવસોમાં અન્ય વિસ્તારોમાં પણ જોવા મળે તો નવાઈ નહીં. હાલમાં તો રામ ભક્ત સોસાયટીના આ નિર્ણયે વડોદરાના રાજકીય આલમમાં નવી ચર્ચા છેડી દીધી છે.

ચૂંટણી નિરીક્ષક લોચન સેહરાએ બેઠક યોજી

(પ્રતિનિધિ), વડોદરા. તા.13 વડોદરામાં ચૂંટણીનો ગરમાવો તેજ બન્યો છે ત્યારે વહીવટી તંત્રને સજ્જ કરવા માટે ચૂંટણી નિરીક્ષક અને વરિષ્ઠ આઈ.એ.એસ. અધિકારી લોચન સેહરા મેદાનમાં ઉતરી આવ્યા છે. આજે વડોદરાની નવી કલેક્ટર કચેરી ખાતે તેમણે ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને ચૂંટણીની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. બેઠકમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, લોકશાહીના આ પર્વમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા એ જ વહીવટી તંત્રની પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ. બેઠક દરમિયાન લોચન સેહરાએ દરેક વિભાગના નોડલ અધિકારીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમણે મતદાન મથકો પરની સુવિધાઓ, સંવેદનશીલ બૂથો પર સુરક્ષા વ્યવસ્થા અને ઈવીએમ (EVM) ના મેનેજમેન્ટ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન થાય તે માટે કડક સૂચના અપાઈ છે.

વડોદરામાં તંત્રની 'આંધળી' કામગીરી,

મોટામાથાઓ સામે લાચાર પાલિકાએ અંધજનોની રોજીરોટી છીનવી લીધી

(પ્રતિનિધિ), વડોદરા. તા.13 વડોદરામાં વહીવટી તંત્રની એક એવી કામગીરી સામે આવી છે જેણે માનવતા સામે અનેક સવાલો ઉભા કર્યા છે. શહેરને દબાણમુક્ત કરવાના નામે નીકળેલી વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમે રસ્તા પર બેસીને પ્રામાણિકતાથી ગુજરાન ચલાવતા અંધજનોને ટાર્ગેટ બનાવતા વિવાદ સર્જાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના પૂર્વ મેયર દ્વારા અગાઉ સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપવામાં આવી હતી કે શહેરના દિવ્યાંગો અને અંધજનો જે ફૂટપાથ કે રસ્તાના છેડે નાની-મોટી લારી ચલાવી પોતાનું પેટ ભરે છે, તેમની સામે માનવતાવાદી અભિગમ રાખવો અને તેમને હેરાન ન કરવા. આમ છતાં, દબાણ શાખાના અધિકારીઓએ સત્તાના નશામાં

ચૂર થઈને આ સૂચનાઓને ઘોળીને પી લીધી હોય તેમ અંધજનોની લારીઓ જપ્ત કરી લીધી હતી. પોતાની આજીવિકા છીનવાઈ જતાં આજે અંધજનો એકઠા થઈને કોઠી કચેરી ખાતે ડેપ્યુટી કલેક્ટરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. તેમની આંખોમાં ભલે દ્રષ્ટિ નથી, પણ ચહેરા પર તંત્રની અન્યાયી નીતિ સામેનો આક્રોશ સ્પષ્ટ દેખાતો હતો. રજૂઆત કરતા અંધજનોએ જણાવ્યું હતું કે, અમે ભીખ નથી માંગતા, મહેનત કરીને ખાઈએ છીએ. જો તંત્ર અમારી લારીઓ લઈ લેશે તો અમે જીવીશું કેવી રીતે ? શું તંત્રને માત્ર ગરીબોના દબાણો જ દેખાય છે ? આ મામલે અંધજનોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે વડોદરામાં અનેક જગ્યાએ મોટા બિલ્ડરો અને વગદાર લોકોએ ફૂટપાથ અને જાહેર રસ્તાઓ પચાવી પાડ્યા છે. ત્યાં પાલિકાનું બુલડોઝર જતાં અટકે છે, પરંતુ જ્યારે વાત ગરીબ અને અશક્ત લોકોની આવે છે ત્યારે તંત્ર ત્વરિત એક્શન મોડમાં આવી જાય છે. આ 'પસંદગીલક્ષી' કામગીરી સામે હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે વડોદરાના ઉચ્ચ અધિકારીઓ આ સંવેદનશીલ મુદ્દે શું પગલાં લે છે.

બિચ્છુ ગેંગના કુખ્યાત આરોપી અસલમ બોડીયાની મિલકત જપ્તી રદ

વડોદરા :ગુજસીકોટ કેસમાં સ્પેશિયલ જજ અને સેશન્સ કોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. અદાલતે આરોપી અસલમ ઉર્ફે બોડિયો હૈદરમિયા શેખની મિલકતો જપ્ત કરવાનો પોલીસનો આદેશ રદ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગુજસીકોટ કેસમાં વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચના આસિસ્ટન્ટ કમિશનર દ્વારા 23 સપ્ટેમ્બર 2024ના રોજ આરોપી અસલમ ઉર્ફે બોડિયો હૈદરમિયા શેખની સ્થાવર તથા જંગમ મિલકતો જપ્ત કરવાનો આપેલ આદેશ રદ કરવામાં આવ્યો છે. બીજી તરફ, તે જ તારીખે પાસ કરાયેલા આદેશમાં આરોપી મોહમ્મદ હુસૈન ઉર્ફે મુન્નો ઉર્ફે તરબુચ જાકીર હુસૈન શેખની મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી અંગે અદાલતે યથાવત રાખ્યો છે. જેમાં મમ ફાર્મહાઉસનો સમાવેશ થાય છે. અત્રે નોંધનીય છે કે અરજી સંપૂર્ણપણે મંજૂર કરવામાં આવી છે.

મુંબઇ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટની કામગીરી

વડસર બ્રિજ 15-16 એપ્રિલે બંધ, વાહન લઈ ગયા તો અટવાઈ જશો

(પ્રતિનિધિ)વડોદરા,તા.13 મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરીને કારણે શહેરના વડસર રેલવે ઓવર બ્રિજ પર બે દિવસ માટે ટ્રાફિક સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, એલ એન્ડ ટી કંપની દ્વારા પ્રોજેક્ટના C-4 પેકેજ હેઠળ ગર્ડર લોન્ચિંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. કામગીરી દરમિયાન સલામતીના હેતુસર તા. 15 એપ્રિલના રોજ રાત્રે 11:30 કલાકથી તા. 16 એપ્રિલના રોજ સવારે 4:00 કલાક સુધી અથવા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી વડસર બ્રિજ પરથી તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શહેરના નાગરિકોને ઓછામાં ઓછી અસુવિધા થાય અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે. વાહનચાલકોને મકરપુરા-મંજલપુર માર્ગ, અકોટા-અટલાદરા રોડ તેમજ તરસાલી વિસ્તારના આંતરિક રસ્તાઓનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે.



પોલીસ કમિશનર દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ, 1951ની કલમ 33(1)(બી) હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરી આ ટ્રાફિક નિયંત્રણ અમલમાં મુકાયું હોવાનું જણાવ્યું છે. નાગરિકોને અનાવશ્યક મુસાફરી ટાળવા અને ટ્રાફિક પોલીસના માર્ગદર્શનનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.